# શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરીનો પર્દાફાશ





## માર્ગો, રસ્તાઓ, ગટરલાઈનો, સ્ટ્રીટલાઈટો બાબતે યોગ્ય કામગીરી ન થતા જનતા પરેશાન

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં વહેલી સવારથી વરસાદી માહોલ છવાયો છે. વાદળોમાંથી પાણી વરસી રહ્યા છે. જેના કારણે શહેરમાં નીચાણવાળા ભાગો પર પાણી ભરાયા છે. સાથે જ શહેરના માર્ગો પર પડેલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જતા માર્ગો પર ગંદકીના દશ્યો સર્જાયા છે. વરસાદી માહોલમાં કાદવ-કીચડ પણ સર્જાયો છે. જેના કારણે રખડતા ઢોરો પણ જાહેર માર્ગો પર અને આંતરિક રસ્તાઓ પર અડીંગા જમાવીને બેસી જાય છે. માર્ગો પર રખડતા ઢોરોના અડીંગાના કારણે વાહનચાલકોને સખત મુશ્કેલીઓ પડી રહી છે.

વરસાદના દિવસોમાં શહેરીજનોને માર્ગો પરથી પસાર થવું ઘણું મુશ્કેલરૂપ બની જાય છે. કારણ કે વરસાદની ધમાકેદાર બેટીંગમાં ઠેર ઠેર પાણી ભરાઈ જાય છે અને માર્ગો પરથી પસાર થવુ મુશ્કેલ બની જાય છે. શહેરના અંડરપાસમાં સૌથી વધારે પાણી ભરાય છે. જાણે નદીઓ વહેતી હોય તેવા દશ્યો સર્જાતા હોય છે અને નદીઓ જેટલા પાણી ભરાવાના કારણે વાહનવ્યવહાર પણ બંધ કરવાનો વારો આવે છે. અંડરપાસમાં ડ્રેનેજ લાઈનોની વ્યવસ્થા હોવા છતાં ભારે વરસાદમાં પાણીનો ભરાવો થઈ જાય છે જેનો નિકાલ કરવા માટે તંત્ર દ્વારા ટીમ મોકલવામાં આવે અને ત્યારબાદ પાણીનો નિકાલ થઈ શકે છે. બાકી આ નદીઓ સમા પાણીનો નિકાલ કરવો અઘરૂ પડી જાય છે. ત્રણેય અંડરપાસ બંધ થઈ જાય ત્યારે વાહનચાલકોને ખુબ મુશ્કેલી પડે છે જેનો ઉકેલ હજુ સુધી તંત્ર દ્વારા લવાયો નથી.

શહેરના માર્ગો પર સ્ટ્રીટલાઈટો પણ બંધ હાલતમાં પકડાઈ છે. એ પણ આ ચોમાસાના દિવસોમાં અંધકારમાંથી ચાલુ વરસાદમાં વાહનચાલકો માટે હાલાકીભર્યુ સાબિત થાય છે. શહેરમાં ચોમાસામાં જ નહી દરેક મોસમમાં સ્ટ્રીટલાઈટના ધાંધીયા છે જેમાં શહેરીજનો અવારનવાર ફરિયાદ કરીને તંત્રને ઉંઘમાંથી જગાડે છે. શહેરમાં વરસાદી પાણીની વચ્ચે ગટરના પાણી પણ મિક્સ થઈ રહ્યા છે. ગટરલાઈનો તુટવાથી ઘણી જગ્યા પર વરસાદ-ગટરના પાણી મિક્સ થઈ રહ્યા છે. જેના કારણે રોગચાળો વકરે તેવી ભિતિ સેવાઈ રહી છે. તાજેતરમાં જ જીઆઈડીસી ખાતે ગટર લાઈનમાં ચોકઅપની ફરિયાદ ઉદભવી હતી. જેમાં નિવારણના નામે મીંડુ છે. હજુ સુધી તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી નથી.

જાહેર માર્ગો અને રસ્તાઓ પર પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધવાની દહેશત છે. મચ્છરજન્ય રોગો પણ ધીમે ધીમે દેખા દઈ રહ્યા છે. આરોગ્યતંત્ર દ્વારા મીટીંગો કરવામાં આવી રહી છે. પરંતુ ઠેક ઠેકાણે પાણી ભરાયેલા રહેશે તો મચ્છરોનો ઉપદ્રવ વધતા કોઈ રોકી શકશે નહી તેથી લોકોએ જાતે પણ સાવચેતીરૂપ પગલાં લેવા જોઈએ અને મચ્છરજન્ય રોગચાળાથી બચવુ હિતાવહમાં રહેશે.

# આવતીકાલે અધિક શ્રાવણ મહિનાની વિનાયક ચતુર્થી



ગાંધીનગર, તા. ૧૯

હિંદુ ધર્મમાં ભલે દરેક વ્રતનું મહત્વ હોય છે, પરંતુ વિનાયક ચતુર્થી ખૂબ જ ખાસ માનવામાં આવે છે, જે દર મહિને આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, મહિનાની ચતુર્થી તિથિ શ્રી ગણેશને સમર્પિત છે, આવી રીતે દર મહિનાની બંને ચતુર્થી તિથિએ ઉપવાસ કરવામાં આવે છે.

જો આમાં એક વિનાયક ચતુર્થી હોય તો તેને બીજી સંકષ્ટી ચતુર્થી ગણવામાં આવે છે, અત્યારે અધિક શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે અને આ મહિનામાં આવતી વિનાયક ચતુર્થી ૨૧મી જુલાઈએ મનાવવામાં આવશે.આ દિવસે ભક્તો દિવસભર ઉપવાસ કરીને ભગવાન ગણેશની પૂજા કરે છે.

એવું માનવામાં આવે છે કે આમ કરવાથી ભગવાનની કૃપા વરસે છે અને જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે, તેથી આજે અમે તમને આ લેખ દ્વારા વિનાયક ચતુર્થીના દિવસે પૂજાનો શુભ મુહૂર્ત જણાવી રહ્યા છીએ, તો ચાલો જાણીએ.ધાર્મિક કેલેન્ડર મુજબ, સાવન અધિકામાસના શુક્લ પક્ષની ચતુર્થી તિથિ ૨૧ જુલાઈના રોજ સવારે ૬.૫૮ કલાકે શરૂ થઈ રહી છે અને ૨૨ જુલાઈના રોજ સવારે ૯.૨૬ કલાકે સમાપ્ત થશે. આ જ ઉદયતિથિ અનુસાર, શુક્રવાર, ૨૧ જુલાઈના રોજ સાવનનું પ્રથમ વિનાયક ચતુર્થી વ્રત રાખવામાં આવશે. આ દિવસે ભગવાન શ્રી ગણેશની પૂજા માટેનું શુભ મુહૂર્ત બપોરે ૧૧.૫ થી ૧.૫૦ સુધી રહેશે. આવી સ્થિતિમાં ભક્તોને પ્રાર્થના કરવા માટે લગભગ બે કલાકનો સમય મળશે.

# સુઘડ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતા નાયબ આરોગ્ય નિયામક



ગાંધીનગર, તા. ૧૯

આજ રોજ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગાંધીનગર ડૉ. સતીષ મકવાણા દ્વારા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સુઘડની મુલાકાત લેવામાં આવી. મુલાકાત દરમ્યાન આરોગ્ય કેન્દ્ર ખાતે આપવામાં આવતી વિવિધ સેવાઓ અને યોજનાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી પ્રદાન કરતાં પોસ્ટર્સ અને બેનર્સ લગાવેલ હતા જે દર્દીઓ માટે ખૂબ જ લાભદાયક છે. આ આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી આયુષમાન ભારત યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરી તેમજ સ્માર્ટ રેફરલ સર્વિસ અંગે પણ સમીક્ષા કરવામાં આવી. વધુમાં, સુઘડ આંગણવાડી ખાતે આયોજિત મમતા સેશનની પણ મુલાકાત લેવામાં આવી.

# ડીસ્ટ્રીક્ટ રાયફલ એસોશિયેશન દ્વારા મેડલ વિતરણ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ રાયફલ એસોશિયેશન દ્વારા મેડલ વિતરણ સમારોહ યોજાયો હતો.જેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી મેડલ પ્રાપ્ત કરનાર સ્પર્ધકો ઉપસ્થિત રહી સન્માન અને મેડલ સ્વિકાર્યા હતા. આ કાર્યક્રમમાં પેરા કેટેગરીના સ્પર્ધકો વ્હીલચેરમાં હાજર રહી મેડલ સેરેમનીની શોભા વધારી હતી. અને અન્યોને પ્રેરણા પુરી પાડી હતી. મેડલ વિતરણ સમારોહમાં નરપતિસહ બારડ તેમજ આર. આઈ. પંડયા એ વિશેષ ઉપસ્થિત ની સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. એસોસિએશનના પ્રમુખ મહેશભાઈ સોલંકી, સેક્રેટરી, હિતેન્દ્રસિંહ હિરલબેન તેમજ ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ દ્વારા સ્પર્ધકોને મેડલ અર્પણ કરી તેમની સિધ્ધીઓને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશનના ડાયરેકટર ડો.અજયરાજસિંહ બારડ ,અમિતકિ વિજયસિંહ, લિબેન અને એસોસિએશનના શુટરી તેમજ સભ્યો ઉપસ્થિત રહી સ્પર્ધકોની સફળતાને બિરદાવી હતી. હોદદારોએ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરવાની અને આગળ વધવાની સર્વને શુભેચ્છા પાઠવી હતી.

# ચૌધરી કોલેજમાં નેતૃત્વ અને એક જૂથતા વિષય પર કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૧૯

ચૌધરી કોમર્સ કોલેજ દ્વારા CWDC અંતર્ગત 'નેતૃત્વ અને એક જૂથતા' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્તમાન સમયને અનુલક્ષીને નેતૃત્વના ગુણો, એક જૂથતાનું મહત્વ, એક જૂથ ઈને કાર્ય પૂર્ણ કરવું જેવી મહત્વપૂર્ણ બાબતો અલગ-અલગ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ વર્ક, પ્રેક્ટિકલ જ્ઞાન દ્વારા કાર્યક્રમના વિષય નિષ્ણાંત ડૉ. ઉર્વિ અમિન દ્વારા આપવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા કોલેજની એલઆર વાલા પાયલે પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દિશા પોપટ, અધ્યાપકગણ તથા ટ્રસ્ટીઓ હાજર રહીને વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર નૃપા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સમાનતા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા 'પેરેન્ટ્સ ડે' નિમિત્તે "Pedal for Change - સાયકલ રેલીનું આયોજન

ગાંધીનગર,તા.૧૯

સમાનતા ફાઉન્ડેશન સંસ્થા "સેવ ઈન્ડિયન ફેમિલી'ની આગેવાની હેઠળ ગુજરાતમાં આપણા દેશના અમુક પુરુષ વિરોધી પક્ષપાતી કાયદાઓના દુરુપયોગ સામે પીડિત વ્યક્તિઓ (પિતા-માતા-બહેનો-બાળકો સહિત)ના માનવીય હક્કો-હિતોનું રક્ષણ કરવાની કામગીરી ઘણા સમયથી કરી રહેલ છે. હાલમાં પક્ષપાતી કાયદાઓનો બેફામ દુરુપયોગ થઈ રહ્યો છે. તે મુદ્દે ઉચ્ચ અદાલત અને સર્વોચ્ચ અદાલતના ઘણા ચુકાદાઓથી ધ્યાન દોરેલ છે. કાયદાના દુરુપયોગના કારણે સમાજમાં ડાયવોર્સનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે અને સમાજ ફાધરલેસ સૌસાયટી તરફ વધી રહ્યો છે.

જે સંદર્ભે આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ "વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને સાર્થક કરવા - સમાજમાં સકારાત્મક જગૃતિ લાવવા અને વાલીપણાની મહત્વના સમજા વવાના ઉદ્દેશથી 'પેરેન્ટ્સ ડે' નિમિત્તે "Pedal for Change - સાયકલ રેલી (Parental Alienation-પૈતૃક જુદાઈ રોકવા - સામાજિક જાગૃતિ લાવવા)નો કાર્યક્રમ" તા. ૨૩-૦૭-૨૦૨૩ને રવિવાસ્તાં રોજ સવારે ૮.૦૦ થી સવારે ૧૦.૩૦ કલાક દરમ્યાન - સાયકલ રેલી રૂટ : સત્યાગ્રહ છાવણી (સેક્ટર-૬, ગાંધીનગર) થી ડૉ. આંબેડકર સાહેબશ્રીનાં સ્ટેચ્યુ - ગુજરાત વિધાન સભા (રોક્ટર-૧૦, ગાંધીનગર) સુધી આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલીને ફલેગ ઓફ કરવા પી. કે. ગઢવી (આઈ. એ. એસ.) અને અન્ય બીજા ઘણાં જાહેર સેવા - સામાજિક સેવા સાથે સંકળાયેલ મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે.

'પેરેન્ટ્સ ડે' નિમિત્તે અમે દરેક માતા-પિતાને તેમનાં નિઃસ્વાર્થ ત્યાગ-બલિદાન-પ્રેમ ભાવનાને બિરદાવીશું અને સાથે-સાથે આજે સેંકડો પેરેન્ટ્સ (નેચરલ ગાયન)ને "પેરેન્ટલ એલીનેશન (પૈતૃક જુદાઈ)"નાં કારણે પોતાના બાળકોનાં પ્રેમથી વંચિત રખાય છે, તે આજના આધુનિક યુગની અતિ ગંભીર સમસ્યા-કડવી વાસ્તવિકતા તરફે પેરેન્ટ્સ ડે દિવસે 'સાયકલ રેલી' યોજી જન-જાગૃતિ લાવવા માંગીએ છીએ. આથી અમે 'પેરેન્ટલ એલીનેશન'ને રોકવા અને સમાજમાં આ બાળ ઉત્પીડનનાં મુદ્દે સકારાત્મક જાગૃતિ લાવવાનાં ઉમદા હેતુસર 'સાયકલ રેલી'નું આયોજન કરવામાં આવ્યું છે.

# ૧૦૦ થી વધુ કન્જક્ટિવાઈટીના કેસ નોંધાયા ૫ જિલ્લામાં અત્યારસુધીમાં કુલ ૧૧૭૪ કેસ



ગાંધીનગર,તા.૧૯

રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્યના નાગરિકોને પ્રવર્તમાન સમયમાં કેટલાક જિલ્લામાં જોવા મળી રહેલા કન્જક્ટિ વાઈટીસ રોગ થી ગભરાવવા નહીં પરંતુ તકેદારી રાખવા અનુરોધ કર્યો છે. રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી લઈ સિવિલ હોસ્પિટલમાં કન્જક્ટિ વાઈટીસ રોગની સંપૂર્ણ સારવાર અને દવાનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.હાલ રાજ્યમાં ૧૦૦ થી વધુ કન્જક્ટિવાઈટીસના કેસ નોંધાયા હોય તેવા મુખ્ય પાંચ જિલ્લા અમરેલી, ખેડા (નડિયાદ), નવસારી, આણંદ અને સુરત છે. આ પાંચ જિલ્લામાં કુલ ૧૧૭૪ જેટલા કેસ નોંધાયા છે. તદ્અનુસાર અમરેલી જિલ્લામાં ૩૧૨, ખેડા જિલ્લામાં ૨૮૦, નવસારી જિલ્લામાં ૨૬૧, આણંદ જિલ્લામાં ૧૯૬ અને સુરત જિલ્લામાં ૧૨૫ જેટલા કેસ તારીખ ૧૮ જુલાઈની સ્થિતીએ જોવા મળ્યા છે. કન્જક્ટિવાઈટિસ રોગના અટકાયત અને સઘન સારવાર અર્થે આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લા સ્તર સુધી તમામ આરોગ્ય કર્મીઓની જરૂરિયાત મુજબની દવાઓ અને સારવાર ઉપલબ્ધ કરાવવા અને જન જાગૃતિની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા માટે સુચના પણ આપવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ. વધુમાં વરસાદી ઋતુમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગ અટકાયત માટે પણ રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરી હોવાનું આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતુ. ૧૮ જુલાઈ ૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ૮૫ લાખ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૯૫૩ મેલેરિયા કેસ નોંધાયા છે જ્યારે ૩૯ હજાર સીરમ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૬૫૦ ડેન્ગ્યુના કેસ નોંધાયા હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.રાજયમાં વાહક જન્ય રોગ અટકાયત માટે ૪૪૪ વેક્ટર કંટ્રોલ ટીમ કાર્યરત કરાઈ છે.

# શહેરમાં વૃક્ષારોપણ કાર્યક્રમોમાં વેગ આવ્યો

## શાળા-કોલેજો, સામાજિક સંસ્થાઓ સહિત પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણના ઉમદા કાર્યક્રમો કરવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૧૯

વર્ષાઋતુની મોસમ વૃક્ષારોપણ માટે ઉત્તમ ઋતુ માનવામાં આવે છે. ગ્લોબલ વોર્મિંગના ખતરા સામે લડવા માટે ઠેર ઠેર વૃક્ષારોપણની ઉમદા પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. શહેરમાં શાળા-કોલેજો અને સામાજિક સંસ્થાઓ સહિત પર્યાવરણ પ્રેમીઓ દ્વારા જરૂરિયાતવાળા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી આ ચોમાસાના દિવસોમાં ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યુ છે.

શહેરની નર્સરીમાંથી વૃક્ષપ્રેમીઓ વિવિધ વૃક્ષોના રોપાઓ લઈને યોગ્ય જગ્યાની પસંદગી કરીને વૃક્ષારોપણ કરી રહ્યા છે. અત્યાર સુધી ચોમાસાના આરંભથી ૩૦૦૦ જેટલા રોપાઓનું વાવેતર થઈ ગયુ છે જે પર્યાવરણ પ્રમીઓ માટે આનંદની લાગણી પ્રસરાવે છે. ગાંધીનગરને ગ્રીનસીટી તરીકે ઓળખવામાં આવે છે પરંતુ ગાંધીનગરની ગ્રીનરીને વિકાસની નજર લાગી જતા જે ગ્રીનરી હતી તે હવે જોવા મળી રહી નથી. તેથી પર્યાવરણ પ્રેમીઓ ગાંધીનગરની ગ્રીનરી માટે અથાગ મહેનત કરી રહ્યા છે અને વાર તહેવારે અને પ્રસંગે વૃક્ષારોપણ કરી રહ્યા છે. જેમાં તાજેતરમાં ચોમાસાના આરંભ સાથે જ શહેરમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિએ વેગ પકડ્યો છે. નાના બાળકોથી લઈ વડીલો દ્વારા લીમડો, પીપળો, જાંબુ, વડ, સેવન સહિતના વૃક્ષો રોપવામાં આવી રહ્યા છે. શહેરમાં ખુલ્લી જગ્યાઓમાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનમાં વૃક્ષારોપણ કરવામાં આવે છે અને સાથે જ તેનુ જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક-એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન આપવુ તે ખૂબજ ઉપયોગી નીવડી શકે છે. શહેરમાં સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત ઉભી થઈ. વળી બળતણ માટે અને ઘરનુ રાચરરચીલુ બનાવવા માટે પણ લાકડાની જરૂર પડી આથી આડેધડ જંગલો કપાતા ગયા. પરિણામે જંગલોનો વિસ્તાર ઘટતો ગયો. માનવીએ પોતાની વધતી જરૂરિયાતોને કારણે આડેધડ માનવ વસાહતો સ્થાયી છે આને કારણે ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી છે. ગાંધીનગરને અડીને આવેલા ગામોમાં ખેતીલાયક જમીનો વેચાઈ રહી છે. બીજી બાજુ જેટલા વૃક્ષો કપાયા તેટલાં પ્રમાણમાં નવા વૃક્ષો ઉગાડવામાં આવ્યા નથી. રહી રહીને હવે આપણને વૃક્ષોનું અને ગ્રીનરીનું મહત્વ સમજવા લાગ્યુ છે. આથી કેટલાંક સૂત્રો પ્રચલિત કર્યા છે. 'વૃક્ષો વાવો, જીવન બચાવો, 'વૃક્ષ જતન, આબાદ વતન' વગેરે આ સૂત્રોમાં વૃક્ષોનો મહિમા સૂચવાયો છે. ૫ મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ જેમાં શહેરમાં ઠેક ઠેકાણે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જો કે હવે માત્ર એક દિન પુરતુ વૃક્ષારોપણ સીમીત રહ્યુ નથી, જાગૃત નાગરિકો દ્વારા વર્ષમાં અનેકવાર એ પણ ચોમાસા દરમિયાન ખાસ વૃક્ષારોપણ ફરજિયાત કરવામાં આવે છે.